# જય શ્રી સ્થંભન પાર્શ્વનાથ—એક પરિચય

કલિયુગમાં કલ્પવૃક્ષ સમાન અચિન્ત્ય પ્રભાવશાળી સુરેન્દ્રો-અસુરેન્દ્રો અને માનવેન્દ્રોથી પૂજાયેલાં શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રભુના નામથી પ્રસિદ્ધિ પામેલા. શ્રીસ્થંભનપુર (ખંભાતનું) સ્થાન ગુર્જર ભૂમિમાં અદ્વિતીય અને ધાર્મિક ઈતિહાસમાં અનુપમ છે. શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રભુ ભાવિ કાળમાં જગતમાં ઘણા પ્રભાવિક થશે. એ પ્રમાણે નાગદેવતાએ શ્રી કૃષ્ણને જણાવ્યું હતું. કૃષ્ણના એ પ્રાણ હતા, જીવન હતા, રામચંદ્રજીએ પણ વિભીષણને કહેલ કે આ ભગવાન અમારા જીવનું જીવન છે. પ્રાણનું ચૈતન્ય છે. સંસાર સાગરથી પાર ઉતરવાને અર્થે આ ભગવાનની સદાય સેવા કરવી જોઈએ. ભોજરાજની પાટનગરી ધારાનગરીમાં નવાંગી ટીકાકાર શ્રીમાન અભયદેવસૂરિનો જન્મ થયો. એ મહાપુરૂષ શ્રી સુધર્મા સ્વામીની પાંત્રીસમી પાટે થયેલા શ્રી ઉદ્યોતનસૂરિના શિષ્ય શ્રી વર્ધમાનસૂરિ, તેમના શિષ્ય શ્રી જિનેશ્વરસૂરિ ને બુદ્ધિસાગરસૂરિ હતા. તેમાં શ્રી જિનેશ્વરસૂરિના શિષ્ય શ્રી અભયદેવસૂરિ હતાં. સોળ વર્ષની વયમાં ગુરુએ તેમને આચાર્ય પદવી આપી.

વિક્રમ સંવતના ૧૦૦૦ વર્ષ વીતી ગયાં. ત્યારે એ સૈકાના અંતમાં અભયદેવસૂરિ થયાં. વિ. સં. ૧૦૮૮માં સોળ વર્ષની ઉંમરે તેઓ આચાર્ય બન્યાં. શાસનની અધિષ્ઠાયિકા દેવીના વચન—ને સહાયથી નવ અંગની ટીકાની રચના કરી. મહાન પુરુષનું નવાંગી વૃત્તિનું કાર્ય પૂર્ણ થયું; પરંતુ અસાતા—ના ઉદયે સૂરિજીના શરીરમાં કુષ્ટ રોગે હુમલો કર્યો. શ્રી ધરણેન્દ્રે રાત્રે આવી શ્વેત સર્પનું રૂપ કરી રકતપિત ચૂસી લીધું અને શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા સેઢી નદીના કીનારે ખાખરાના વૃક્ષ નીચે નાગાર્જુન યોગીએ ભંડારેલી છે તે પ્રતિમા પ્રગટ કરવાની સૂચના કરી. સકલ સંઘ સહિત સૂરિજી ત્યાં પધાર્યા. એકાગ્ર ચિત્તે જયતિહુઅણ કાવ્યની રચના કરી. ૩૨—ગાથા કહી. ૩૩—મી ગાથા બોલતાં તરત જ શ્રી નાગરાજના પ્રભાવથી જમીનમાંથી અલૌકિક, અત્યંત તેજસ્વી, નીલરત્નમય શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભગવંતનું બિંબ પ્રગટ થયું. જય જય બોલતાં પ્રભુના દર્શનથી સહુ આનંદવિભોર બન્યાં. સકલ સંઘે મહાન ચમત્કારી શ્રી સ્થંભન પાર્શ્વનાથની ઉત્પત્તિ સૂરિશ્વરજીને પૂછી. મંદ—મધુર સ્વરે સૂરિજી બોલ્યા કે, પૂર્વે આ ભગવંતની પ્રતિમા સ્વ-પરના કલ્યાણાર્થે ગઈ ચોવિસીના સોળમા ભગવાન શ્રી નમિસર પ્રભુના શાસનમાં શ્રી આષાઢી નામન ધર્મવીર શ્રાવકે ભરાવી, પછી સૌધર્મેન્દ્રે અને વરૂણદેવે અગિયાર લાખ વર્ષ સુધી પૂજી. તે પછી રામ-લક્ષ્મણે પૂજી. એંસી હજાર વર્ષ સુધી તક્ષક નાગે પૂજી, છેલ્લા વાસુદેવ શ્રીકૃષ્ણે પૂજી. દ્વારિકાના દાહ સમયે અધિષ્ઠાયક દેવે સમુદ્રમાં પધરાવી. તે કેટલેક કાળે કાન્તિનગરીના સાર્થવાહના વહાણો સમુદ્રમાં સ્થંભી જવાથી દેવવાણીથી સાર્થવાહ ધનપતિએ બહાર કાઢી. કાન્તિનગરીમાં ભવ્ય મંદિર બંધાવી ભકિતથી પૂજી. તે પછી નાગાર્જુન નામના યોગીએ આ પ્રતિમાનું હરણ કર્યું અને તેણે આ પ્રભુના સાન્નિધ્ય ને પ્રભાવથી સુવર્ણરસની સિદ્ધિ કરી અને પ્રતિમાજીને સેઢી નદીના કીનારે ખાખરાના વૃક્ષની નીચે જમીનમાં ભંડારી દીધી, ત્યાં પણ તે પ્રતિમા યક્ષોથી પૂજાતી રહી. આજે અનુક્રમે ધરણેન્દ્રના વચનથી એ પ્રતિમા અહીંયા છે. એમ જાણી જયતિહુઅણ કાવ્ય વડે મેં સ્તુતિ કરી. તે પ્રતિમા આપણા પૂણ્યોદયે જમીનમાંથી પ્રગટ થઈ. લગભગ છ લાખ વર્ષ પૂર્વે શ્રી રામચન્દ્રજીએ રાવણના પંજામાંથી સીતાજીને મુકત કરવા સાત માસને નવ દિવસ એકાગ્ર ચિત્તે ધ્યાન ધર્યું. દશમા દિવસના મંગળ પ્રભાતે શ્રી નાગરાજ પ્રસન્ન થયા તે વખતે સમુદ્રનાં જળ સ્થંભી ગયાંની વધામણી આવી. પછી શ્રી રામચંદ્રજી-લક્ષ્મણ —વિદ્યાધરોની સાથે ભગવંત પાર્શ્વનાથના મંદિરમાં આવ્યા. પૂજા—અર્ચા કરી ભાવપૂર્વક સ્તુતી કરી **"શ્રી સ્થંભન પાર્શ્વનાથ"** નામ આપી હર્ષથી વધાવ્યા. અને ત્યારથી ભગવન્ આ જગતમાં દેવ—મનુષ્યો અને વિદ્યાધરોથી પૂજાતા "શ્રી સ્થંભન પાર્શ્વનાથ" નામે વિખ્યાત થયા. તે શ્રી પાર્શ્વનાથ પ્રભુ જયવંતા વર્તો. સહુનું કલ્યાણ કરો. અમારી મોક્ષ—લક્ષ્મિને માટે થાઓ.

☆

આ પ્રતિમાજીના ન્હવણ જળથી સૂરિજીનો રોગ નષ્ટ થયો. તે પછી સંઘે ત્યાં આગળ ઘણું દ્રવ્ય ખરચીને સ્થંભન નામે ગામ વસાવ્યું. મોટા મહોત્સવપૂર્વક મંદિર બંધાવી પ્રતિષ્ઠા કરી. વિ. સં. ૧૩૬૮માં એ પ્રભુજીનું બિંબ સ્તંભતીર્થ (ખંભાત)માં આવ્યું. ખંભાતનો શ્રી સંઘ ખારવાડાના મંદિરમાં પ્રતિષ્ઠાપૂર્વક બિરાજમાન કરી પ્રભુની સેવા કરવા લાગ્યો. ત્યાર બાદ વિ. સં. ૧૯૫૨માં તારાપુરના સોનીએ આ બિંબનું હરણ કર્યું. શ્રી સંઘ શોકથી ઘેરાઈ ગયો. ધર્મવીર શેઠ શ્રી પોપટભાઈ તથા શેઠ શ્રી પુરૂષોત્તમભાઈના સતત પ્રયાસથી નિર્ધનને ધનની પ્રાપ્તિ, ભૂખ્યાંને ભોજનની પ્રાપ્તિની જેમ ભકતોને ભગવાન મળ્યા. પ્રભુજીના દર્શન કરી સહુ હર્ષિત બન્યાં.

વિ. સં. ૧૯૫૫માં તપાગચ્છાધિરાજ શાસન સમ્રાટ શ્રી વિજય નેમિસૂરિશ્વરજી મ. સાહેબના પુનિત હસ્તે પ્રતિષ્ઠા કરાવી. સમયનાં વહેણની સાથે મંદિર જીર્ણ બન્યું. ખંભાતના શ્રી સંઘે એ જ સ્થાને ત્રણ શિખરનું નૂતન વિશાળ મંદિર બંધાવવું શરૂ કર્યું. લાખોના ખર્ચે ભવ્ય મંદિર તૈયાર થયું અને નૂતન જિનાલયમાં વિ. સં. ૧૯૮૪ ના ફાગણ શુ. ત્રીજના માંગલિક દિવસે ભાવભીના મહોત્સવપૂર્વક તપાગચ્છાધિરાજ શાસન સમ્રાટ પ. પૂ. આ. મ. વિજય નેમિસૂરિશ્વરજી મ. ના વરદ હસ્તે પ્રાચીન શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રભુના બિંબની પ્રતિષ્ઠા કરાવી. સ્થંભન તીર્થના તિલકમણિ આભૂષણરૂપ શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રભુના દર્શનાર્થે હજારો ભાવિકો આવે છે. ખંભાતનો શ્રી સંઘ પણ રોજ દર્શન, પૂજન સ્તવન કરી આત્માને ધન્ય બનાવે છે. ☆ ☆ ☆



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org